### ગેસ સિલીન્ડર લેવા સ્થાનિકોનો રઝળપાટ : કલાકો સુધી ગરમીમાં શેકાયા



# સંજેલીમાં ઈન્ડિયન ગેસ એજન્સીના ગેસ સિલેન્ડર વિતરણ સમયે ઘર્ષણ

(પ્રતિનિધિ) સંજેલી, તા.30
સંજેલી તાલુકામાં બે ત્રણ મહિનાથી સતત એલપીજી ગેસ સિલિન્ડરમાં ગ્રાહકો તેમજ ગેસ એજન્સીને ઘર્ષણના દ્રશ્યો અવારનવાર સર્જાતા હોય છે ત્યારે આ વખતે પણ સંજેલી ગેસ એજન્સીમાં સિલિન્ડર ભરીને આવેલી ગેસની ગાડી આવતા જ ગેસ સિલિન્ડર લેવા માટે લોકોની ભીડ જામી હતી જોકે એજન્સીના ગોડાઉન ઉપર સંજેલી મામલતદાર ની ઉપસ્થિતિમાં ગ્રામ્ય વિસ્તારમાં લોકોને ગેસ સિલિન્ડર આપવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું તેમ જ સંજેલી નગર માટે બીજા વાહનમાં ગેસના સિલિન્ડર ભરી અને બોટલ વિતરણ કરનારા લોકોને એજન્સી તરફથી મોકલવામાં આવ્યા હતા સિલેન્ડર ભરીને સંજેલી નગરમાં આવેલ વાહનને સ્થાનિકો દ્વારા બોટલો લેવા માટે દોડધામ થઈ ગઈ હતી જો કે ગેસ સિલિન્ડર



લાંબા ટાઈમથી ના મળ્યા હોય તેવા લોકોને પણ હેરાન પરેશાન થતાં સંજેલી ના વિસ્તારમાં જ સિલેન્ડર લેનાર ગ્રાહકો તેમજ વિતરણ કરનારાઓ વચ્ચે ગેસ સિલિન્ડર લેવાની બાબતને લઈને ઘર્ષણ થયું હતું માહોલ સતત ગરમાતા તાત્કાલિક ધોરણે બોટલ વિતરણ કરવાનું પણ થોડા ટાઈમ માટે બંધ કરી દેવામાં આવ્યો હતો ત્યારે લાંબા સમયથી ગેસ સિલિન્ડર ના મળતા ગ્રાહકો હેરાન પરેશાન થતાં એલપીજી ગેસ સિલિન્ડર લેતા ગ્રાહકોમાં પણ રોસ જોવા મળ્યો હતો કેટલાક લોકોને તો બબ્બે ત્રણ- ત્રણ મહિના થઈ જવા છતાંય ગેસ સિલિન્ડર લેવા માટેની ચોપડી પણ એજન્સીમાં જમા હોવાનું તેમ જ ગેસની ખાલી બોટલો પણ એજન્સીમાં જમા કરી દેવા છતાં પણ બોટલો ના મળતી હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે અવારનવાર સંજેલી ઈન્ડિયન ગેસ એજન્સીમાં ઘર્ષણ થતા એજન્સી તેમજ ગ્રાહકો ને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાબતે સંજેલી ઈન્ડિયન ગેસ એજન્સીના મેનેજર મુક્જમીન ભાઈએ જણાવ્યું હતું કે એજન્સી દ્વારા ગેસના સિલિન્ડર ભરી અને વિતરણ કરવા માટે નગરમાં ગાડી મોકલવામાં આવી હતી તેમાં કેટલાક ગ્રાહકો દ્વારા પડાપડી કરવામાં આવી હતી તેમજ મને પહેલા આપો મને પહેલા આપો ની બૂમાબૂમ સાથે ગાળા ગાળી થતા જ ઘર્ષણ થયું હતું જોકે પાછળથી સમસ્યાનો સોલ્યુશન કરવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો . એજન્સીના ગ્રાહક રમેશભાઈ મહારાજ જણાવે છે કે મારી ચોપડી અંદાજીત બે થી ત્રણ મહિના થી ચોપડી જમા કરી દેવામાં આવી છે તેમજ ખાલી બોટલો પણ અમારી જમા કરી દીધી છે એક થી બે મહિના પણ વીતી જાય છે છતાં હજુ સુધી અમને પણ ગેસ સિલિન્ડર ભરેલા મળી શક્યા નથી તેમ જ અવારનવાર ધક્કા ખાવાનો વારો આવે છે. જો એજન્સી મને બોટલ સપ્લાય ના કરી શકે તેમ હોય તો મને મારી ખાલી બોટલ પરત આપી દે .. અને સમસ્યાનો નિરાકરણ લાવવામાં આવે.

## ગરબાડા પોલીસે ઝરી બુજર્ગ પાસેથી કારમાંથી દારૂનો જથ્થો ઝડપ્યો

(પ્રતિનિધિ) ગરબાડા, તા.30
ગરબાડા પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઝરી બુઝર્ગ ગામ નજીક સ્વિફ્ટ કાર (GJ-17-N-5017)ને અટકાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન કારમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ 240 બોટલો મળી આવી હતી.
પોલીસે દારૂનો જથ્થો, સ્વિફ્ટ કાર અને મોબાઈલ ફોન સહિત કુલ 2,43,984નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જેમાં વિદેશી દારૂની કિંમત 39,984, સ્વિફ્ટ કારની કિંમત 2,00,000 અને મોબાઈલ ફોનની કિંમત 4,000 હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે પોલીસે વિજયભાઈ ગલાભાઈ બારીયા અને અશોકભાઈ સાયબાભાઈ માવી સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કાલોલમાં ગમખ્વાર અકસ્માત સર્જાયો

# ટ્રકની અડફેટે સુરેલીના સરપંચનું ઘટનાસ્થળે જ મોત

**નોકરી** પર જતી વખતે બસ સ્ટેશન પાસે સર્જાઈ દુર્ઘટના, પંચમહાલ પંથકમાં શોકની લાગણી

(પ્રતિનિધિ) કાલોલ, તા.30
પંચમહાલ જિલ્લાના કાલોલ બસ સ્ટેશન નજીક શનિવારે બપોરે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં સુરેલી ગ્રામ પંચાયતના સરપંચ ભારતસિંહ પર્વતસિંહ ચૌહાણ (ઉ.57) નું કરુણ મોત નીપજતાં સમગ્ર વિસ્તાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. અકસ્માત એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓના કારણે તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. મળતી માહિતી મુજબ, ભારતસિંહ ચૌહાણ



પોતાના બુલેટ મોટરસાયકલ (GJ-17-BS-1147) પર મંજુસર જીઆઈડીસીમાં સેકન્ડ શિફ્ટની નોકરી માટે જઈ રહ્યા હતા. બપોરે આશરે 1:35 વાગ્યે કાલોલ બસ સ્ટેશનના પ્રવેશદ્વાર નજીક પહોંચતા ગોધરા તરફથી પૂરઝડપે આવી રહેલી ટ્રક (GJ-31-T-5931)ના ચાલકે ગફલતભરી રીતે બુલેટને જોરદાર ટક્કર મારી હતી.
ટક્કરના પ્રચંડ આઘાતથી ભારતસિંહ રોડ પર ફંગોળાઈ ગયા હતા અને ગંભીર ઈજાઓના કારણે તેમનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન ઘટનાસ્થળે જ મૂકીને ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.
ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સ મારફતે મૃતદેહને કાલોલ રેફરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સરપંચના નિધનના સમાચાર ફેલાતા રાજકીય અને સામાજિક આગેવાનો હોસ્પિટલ તથા પોલીસ સ્ટેશને દોડી આવ્યા હતા. મૃતકના ભાઈ અર્જુનસિંહ ચૌહાણની ફરિયાદના આધારે કાલોલ પોલીસે ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા કાર્યવાહી શરૂ કરી છે.

### સમગ્ર મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી

# કાલોલના ડેરોલ ગામમાં સરકારી ક્વાર્ટર નિયમો વિરૂદ્ધ તોડી પાડી ભંગાર વેચી માર્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) કાલોલ, તા.30
કાલોલ તાલુકાના ડેરોલ ગામના જાગૃત નાગરિકો પરમાર હિમાંશુકુમાર હસમુખભાઈ તથા સુરેશકુમાર લાલસિંગભાઈ ખડીયા દ્વારા કરવામાં આવેલી સંયુક્ત ફરિયાદમાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. રજૂઆતમાં જણાવ્યા અનુસાર, ડેરોલગામમાં આવેલું આ ગ્રામ સેવકનું મકાન સારી હાલતમાં હતું અને રિપેરિંગ કરીને તેનો પુનઃ ઉપયોગ કરી શકાય તેમ હતો. તેમ છતાં, ગત તારીખ ૨૮/૦૫/૨૦૨૬ ને ગુરૂવારના રોજ બકરી ઈદની જાહેર રજાના દિવસે વહીવટી તંત્રની કોઈ પણ પૂર્વ મંજૂરી વગર આ સરકારી

**ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી**

અરજદારો દ્વારા આ મામલે કાલોલ તાલુકા વિકાસ અધિકારી ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી (DDO) ગોધરા અને કાલોલ પોલીસ મથકે પણ લેખિત નકલ રવાના કરી કાયદેસરની કાર્યવાહી કરવા અને ગુનો નોંધવા માંગ કરી છે. વધુમાં જણાવ્યું છે કે જો આ મામલે તટસ્થ તપાસ કરી કડક પગલાં ભરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ગ્રામજનો સાથે મળી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે.



મકાન તોડી પાડવામાં આવ્યું હતું. સરપંચ, સરપંચ પતિ અને સભ્ય સામે અરજદારોએ આક્ષેપ કર્યો છે કેઃ ગામના સરપંચ, તેમના પતિ રાજેન્દ્રભાઈ બળવંતભાઈ પટેલ અને વોર્ડ નંબર-૭ ના સભ્ય જયવીરસિંહ વિક્રમસિંહ સોલંકી દ્વારા પરસ્પર મિલીભગત કરીને આ આખું કૃત્ય આચરવામાં આવ્યું છે. મકાન તોડ્યા બાદ તેમાંથી નીકળેલી લોખંડની જાળીઓ, દરવાજા અને સળિયા ભંગારમાં વેચી દઈ નાણાંકીય ગેરરીતિ કરવામાં આવી છે.સરકારી નાણાંનો દુરુપયોગ કરવા અને ત્યાં નવીન હવાડાની ગ્રાન્ટ વાપરવાના બહાને નાણાકીય કૌભાંડ આચરવાના ઈરાદે આ સરકારી મિલકતને નુકસાન પહોંચાડાયું છે.

### તંત્ર દ્વારા ગરનાળુ પહોળું કરવા પર ધ્યાન અપાય તેવી લોકમાંગ

# લીમખેડાના મધ્યમાંથી પસાર થતી દિલ્હી મુંબઈ રેલ્વે લાઈન નીચે ગરનાળા થી ટ્રાફિક જામની સમસ્યા

(પ્રતિનિધિ) લીમખેડા, તા.30
લીમખેડા નગરના મધ્યમાંથી પસાર થતી દિલ્હી મુંબઈ રેલ્વે લાઈન નીચે ગરનાળા થી ટ્રાફિક જામ ની ગંભીર સમસ્યા થી ત્રાસી ગયેલા લીમખેડા નગરજનોને તંત્ર દ્વારા બીજો એક મોટો આંચકો આપવામાં આવ્યો છે ગ્રામ પંચાયત તરફથી નગરજનોને તેમનું દબાણ હટાવી લેવાનું મૌખિક સૂચના આપવામાં આવી છે તંત્રનું દુખે છે પેટ અને કૂટે છે માથું એના જેવા હાલ છે ટ્રાફિકની ગંભીર સમસ્યા માત્ર અને માત્ર સાકડા ગરનાળાના લીધે ટ્રાફીક જામ થતો હોય છે જો રેલ્વે ગરનાળુ પોહળુ કરવામાં આવે તો ટ્રાફિકની ગંભીર સમસ્યાનો ત્વરિત નિકાલ આવે તેમ છે લીમખેડાનું દબાણ હટાવી



લેવાનું ગામ પંચાયત ને જાણ કરતા પંચાયતના સત્તાધીશો પોલીસ બંદોબસ્ત સાથે સોમવાર ના રોજ પોતાના ઘર આંગણા નું દબાણ હટાવી લેવા ઘરે ઘરે જઈનેમોખિક સૂચના આપતા નગરજનોમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે
રેલ્વે ગરનાળુ બ્રિટિશ સરકાર દ્વારા અંદાજે ૭૦ વર્ષ પહેલાં બનાવ્યું હતું જે હવે ધીરે ધીરે જર્જરિત થવા મડ્યું છે રેલવે ગરનાળુ 15 ફૂટ પહોળું હતું પરંતુ એકાએક રેલવે વિભાગ દ્વારા ઘરનાળાની બંને બાજુની દીવાલથી બબ્બે ફૂટ રોડ તરફ લોખંડની ગડર ઊભી કરી દેતા ગરનાળા નો રોડ૧૧ ફુટ જેટલો થઈ જતા માંડ એક મોટું વાહન પ્રસાર થાય તેવા સંજોગો ઊભા થતા અવારનવાર ત્રણ ચાર કલાક સુધી લાંબો ટ્રાફીક જામ થતો હોય છે આ ટ્રાફીક જામ માં કેન્દ્ર તથા રાજ્ય સરકાર ના મંત્રીઓ સચીવ કક્ષાના અધિકારીઓ કલેક્ટર ડીડીઓ વિગેરે ઊચ્ચ કક્ષાના અધિકારીઓ ફસાતા હોય છે છતાં કોઈ કાર્યવાહી કરવામાં નથી આવતી.

### કાલોલના ઘુસર ભૈરવની મુવાડી ગામની ઘટના

# પારિવારિક અદાવતમાં દંપતી પર લાકડીઓ વડે જીવલેણ હુમલો

ચાર ઇસમો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.30
વેજલપુર પોલીસ સ્ટેશન હેઠળના કાલોલ તાલુકાના ગુસર ભૈરવની ગુસર ભૈરવની મુવાડી ગામમાં રહેતા હંસાબેન મુકેશભાઈ બારિયા (ઉં.વ. ૩૦) એ તેમના જ કાકાજી સસરા અને તેમના પરિવાર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આશરે દોઢ મહિના પહેલાં તેઓને કાકાજી સસરાના પરિવાર સાથે કોઈ બાબતે ઝઘડો થયો હતો, જેમાં બાદમાં સમાધાન થઈ ગયું હતું. જોકે, સામાવાળા પક્ષે મનમાં અદાવત રાખી મૂકી હતી ગત તારીખ ૨૭/૦૫/૨૦૨૬ના રોજ રાત્રે આશરે સાડા નવેક વાગ્યે હંસાબેનના પતિ મુકેશભાઈ ગામમાં નીકળ્યા ત્યારે પાડોશમાં જ રહેતા કાકાજી સસરા વિઠ્ઠલભાઈ શનાભાઈ બારિઆ, લીલાબેન વિઠ્ઠલભાઈ બારિઆ અને તેજલબેન લાલાભાઈ બારિઆએ તેમને રોકીને ગાળાગાળી શરૂ કરી દીધી હતી અને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા.
બુમાબુમ સાંભળીને હંસાબેન દોડી આવ્યા ત્યારે આરોપી લાલાભાઈ વિઠ્ઠલભાઈ બારિઆ હાથમાં લાકડી લઈને ધસી આવ્યો હતો અને મુકેશભાઈને માથા તેમજ શરીરે લાકડીના ફટકા માર્યા હતા. પતિને બચાવવા વચ્ચે પડેલા હંસાબેન પર પણ વિઠ્ઠલભાઈએ લાકડી વડે હુમલો કરી જમણા હાથે અને ડાબા પગે ઈજાઓ પહોંચાડી હતી.

# કાલોલના મેદાપુરમાં જમીન અને પાણીની પાઈપલાઈનના વિવાદમાં જૂથ અથડામણ

(પ્રતિનિધિ) કાલોલ, તા.30
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના મેદાપુર ગામના મોટું ફળિયું વિસ્તારમાં ખેતરમાં પાણીની પાઈપલાઈન અને જમીનના હક બાબતે બે પક્ષો વચ્ચે હિંસક ઝઘડો થતાં કાલોલ પોલીસ મથકે સામસામી બે ફરિયાદો નોંધાઈ છે. આ ઘટના ૨૮ મે ૨૦૨૬ના રોજ સવારે આશરે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ઘટી હતી. પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે કુલ પાંચ વ્યક્તિઓ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.પ્રથમ ફરિયાદ પૂનમસિંહ પ્રતાપસિંહ સોલંકીએ નોંધાવી છે. તેમની ફરિયાદ અનુસાર, તેમના કાકા બળવંતસિંહ ઉદેસિંહ સોલંકી સવારે પોતાના ખેતરમાં ગયા હતા. તે સમયે પાડોશમાં રહેતા ચારૂલતાબેન સોલંકીના ખેતરની પાણીની પાઈપ તૂટી ગઈ હોવાથી તેનું પાણી બળવંતસિંહના ખેતરમાં આવતું હતું. બળવંતસિંહ આ પાઈપ બાંધવા માટે ઘરેથી ટ્યુબનો ટુકડો લઈને પરત આવ્યા ત્યારે ગામની ચાર મહિલાઓએ તેમના પર હુમલો કર્યો હતો. આરોપીઓઃ (૧) શકુન્તલાબેન વિક્રમસિંહ સોલંકી, (૨) આનંદીબેન કિશોરસિંહ સોલંકી, (૩) શીતલબેન કિશોરસિંહ સોલંકી અને (૪) ચારૂલતાબેન સિધ્ધરાજસિંહ સોલંકી.
ઘટનાઃ આ ચારેય મહિલાઓએ ભેગા મળી બળવંતસિંહને ગાળો આપી નીચે પાડી દીધા હતા. શકુન્તલાબેન અને આનંદીબેને તેમને લાતોથી માર માર્યો હતો, જ્યારે શીતલબેને ડાબા પગે તેમજ બરડાના ભાગે અને ચારૂલતાબેને માથાના ભાગે લાકડી ફટકારી લોહીલુહાણ કરી નાખ્યા હતા.
ધમકીઃ જતાં-જતાં આરોપીઓએ બળવંતસિંહને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.
ઈજાગ્રસ્ત બળવંતસિંહને ૧૦૮ એમ્બુલન્સ મારફતે પ્રથમ કાલોલ રેફરલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બીજા પક્ષની ફરિયાદઃ પાઈપલાઈન ખોદવા બાબતે ના પાડતા લાકડીથી માર માર્યો હોવાની વિગતે ફરિયાદ નોંધાવી છે સામે પક્ષે ચારૂલતાબેન સિધ્ધરાજસિંહ સોલંકીએ બળવંતસિંહ સોલંકી વિરૂદ્ધ વળતી ફરિયાદ નોંધાવી છે.

# સંજેલી તા.પંચાયતના પદાધિકારીઓનો પદગ્રહણ સમારોહ અને ખાતમૂહૂર્ત યોજાયું

(પ્રતિનિધિ) સંજેલી, તા.30
સંજેલી તાલુકા મથકે આજે તાલુકા પંચાયતના નવનિયુક્ત પદાધિકારીઓનો પદગ્રહણ સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી રમેશભાઈ કટારા, દાહોદ જિલ્લાના સાંસદ જશવંતસિંહ ભાભોર અને પ્રદેશ સંગઠન મંત્રી શંકરભાઈ અમલીયાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.
તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલા આ સમારંભમાં તાલુકા પંચાયત પ્રમુખ મહેદીપભાઈ મહેન્દ્રભાઈ પલાસ, ઉપપ્રમુખ રામસિંગભાઈ કડક્યાભાઈ ભાભોર, કારોબારી ચેરમેન ડોક્ટર ચિરાયુ કુમાર અમરસિંહ બામણીયા અને પક્ષના નેતા કંકુબેન જગદીશભાઈ પરમાર સહિતના પદાધિકારીઓએ પદભાર સંભાળ્યો હતો. આ



પદગ્રહણ સમારંભ ઉપરાંત, રાજ્યકક્ષાના મંત્રી રમેશભાઈ કટારા અને સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે નવીન ટીડીઓ આવાસનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સંજેલી તળાવથી ડામોર ફળિયા સુધીના પાકા રસ્તાનું પણ ખાતમુહૂર્ત કરાયું હતું. આજના કાર્યક્રમમાં ભાજપના વિવિધ કાર્યકર્તાઓ, હોદ્દેદારો અને સરપંચો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### પુરવઠા તંત્ર દ્વારા DVR જપ્ત કરવામાં આવ્યુ

# હાલોલના નિર્માણ પેટ્રોલિયમ પંપ પર જિલ્લા પુરવઠા તંત્રના આકસ્મિક દરોડાઃ પેટ્રોલ-ડીઝલનું વેચાણ સ્થગિત

(પ્રતિનિધિ) હાલોલ, તા.30
પંચમહાલ જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા ગ્રાહકો, વાહનચાલકો અને ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા માટે જિલ્લામાં પેટ્રોલ પંપો પર સઘન અને સતત તપાસણી હાથ ધરવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે, જિલ્લા પુરવઠા અધિકારી ડૉ. ભાર્ગવ ડાંગર અને તેઓની ટીમ દ્વારા મામલતદાર કચેરી, હાલોલના સ્ટાફને સાથે રાખીને એક મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. હાલોલ-વડોદરા હાઈવે પર બાસ્કા (તા. હાલોલ) ખાતે આવેલ, જિતેન્દ્રકુમાર શંકરલાલ શાહ સંચાલિત નિર્માણ પેટ્રોલિયમ



પેટ્રોલ પંપ (IOCL) પર પુરવઠા અધિકારીની ટીમ દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પેટ્રોલિયમ ઓર્ડર, એસેન્શીયલ કોમોડીટીઝ એક્ટ તથા PESO એક્ટ અંતર્ગત ઈંધણનું છૂટક વેચાણ બેરલ અને કારબામાં કરવા પર મનાઈ ફરમાવેલ છે. આમ છતાં, આ પેટ્રોલ પંપ દ્વારા વાહનો સિવાય અલગ-અલગ કંપનીઓ અને ક્વોરી જેવા કોમર્શીયલ એકમોને તેમની જરૂરિયાત મુજબ મોટી માત્રામાં પેટ્રોલ/ડીઝલનું વેચાણ બેરલ તથા કારબામાં કરવામાં આવતું હોવાનું તપાસ દરમિયાન ઝડપાયું હતું. આ આઉટલેટ દ્વારા અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના પરિપત્રોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. છેલ્લા ૬ મહિનાના સરેરાશ વપરાશના ડેટા કે પ્રોરેટા મુજબ ફાળવણીના કોઈ પણ પુરાવા ધ્યાને લીધા વિના, માત્ર પોતાના અંગત આર્થિક લાભ માટે આ વેચાણ કરાયું હોવાની શંકા છે. આ રીતે કારબા અને બેરલમાં ઈંધણનો જથ્થો આપવાના કારણે આગ લાગવાની તેમજ મોટી જાનહાની થવાની સંભાવના પણ રહેલી છે, જેથી જાહેર હિતમાં આવા વેચાણ પર પ્રતિબંધ છે.

# વેજલપુરમા રૂ.૫ લાખના ખર્ચે બનનારા નાળાનું ખાતમુહૂર્ત સંપન્ન

(પ્રતિનિધિ) કાલોલ, તા.30
કાલોલ તાલુકાના વેજલપુર ગામે વિકાસના કાર્યોને વેગ આપતા એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વેજલપુર ગામમાં આવેલ ઉર્દૂ શાળાથી રોહિતવાસ તરફ જતા રસ્તા પર સ્થાનિકોની લાંબા સમયની માંગણીને ધ્યાને રાખીને, અંદાજે રૂપિયા ૫ લાખના ખર્ચે નવનિર્માણ પામનારા નાળાનું ખાતમુહૂર્ત આજ રોજ વિધિપૂર્વક સંપન્ન થયું છે.આ ખાતમુહૂર્ત વિધિ નવનિયુક્ત જિલ્લા પંચાયતના પ્રમુખ નિરજકુમાર પટેલ ના વરદ હસ્તે કરવામાં આવી હતી.
રસ્તાની એક બાજુ આવેલ ઉર્દૂ શાળામાં અંદાજીત ૧૦૦૦ જેટલા બાળકો અભ્યાસ કરતા હોય, નાળાની સુવિધા ન હોવાના કારણે વિદ્યાર્થીઓને અવરજવર



દરમિયાન મુશ્કેલીઓ પડતી હતી. વરસાદી માહોલમાં રસ્તા ઉપર પાણી ભરાઈ જતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડતો હતો.આ નાળાનું કામ પૂર્ણ થયા બાદ ભોઈવાડા, રોહિતવાસ અને જોડીયાકુવા સહિતના વિસ્તારોના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે.